# મેરિલીન મનરો: લોકપ્રિયતાના સિંહાસન પર ગ્લેમર, ગૌરવ અને ગહન વેદનાની કહાની



ફાયરવોલ
રાજ ગોસ્વામી

19 53માં આવેલી હોલીવુડની લોકપ્રિય કોમેડી ફિલ્મ Gentlemen Prefer Blondesમાં લોરેલી લી નામની એક યુવતીનું પાત્ર છે. અમીર પુરુષોનું મનોરંજન કરીને જીવન જીવતી લીને જ્યારે તેની બહેનપણી તેના 'બુદ્ધિ વિનાના' વર્તન માટે ટોકે છે, ત્યારે તે હળવા વ્યંગ સાથે જવાબ આપે છે: "હું ધારું તો હોંશિયાર બનીને વર્તી શકું છું, પણ મોટા ભાગના પુરુષોને એ પસંદ નથી આવતું."

આ સંવાદ બોલનાર અભિનેત્રી હતી મેરિલીન મનરો. વિડંબના એ છે કે પડદા પર બોલાયેલા આ શબ્દો જાણે તેના પોતાના જીવનનું જ પ્રતિબિંબ હતા. દુનિયાએ મેરિલીનને એક આકર્ષક, ચંચળ અને 'ડમ્બ બ્લોન્ડ'(ગૂંગી ગોરી) તરીકે યાદ રાખી, પરંતુ તેના એ ગ્લેમરસ ચહેરા પાછળ એક એવી સ્ત્રી હતી જે બુદ્ધિશાળી, મહત્ત્વાકાંક્ષી, સંવેદનશીલ અને પોતાના સમય કરતાં ઘણી આગળ હતી. કદાચ મનરોની સૌથી મોટી ટ્રેજેડી એ હતી કે લોકો તેના સૌંદર્યથી એટલા મોહિત થઈ ગયા કે તેના વ્યક્તિત્વની ઊંડાઈને જોઈ જ ન શક્યા.

આજે જીવતી હોત તો 100 વર્ષની હોત. 1લી જૂને દુનિયાએ મનરોની જન્મશતાબ્દી મનાવી. માત્ર 36 વર્ષની ઉંમરે, સ્લીપિંગ પિલ્સના ઓવરડોઝથી, 1962માં તે દુનિયા છોડી ગઈ. એ જીવન અને એ મૃત્યુ પાછળ અનેક કહાનીઓ છે. 100 વર્ષ પછી પણ તેની એ મુસ્કાન, તેની એ ચાલ અને તેની તસવીરો દુનિયાને આકર્ષિત કરતી રહી છે. અજીબ વાત એ છે કે જે સ્ત્રીને આખી દુનિયા જાણે છે, તેને વાસ્તવમાં બહુ ઓછા લોકો સમજે છે.

મનરોનું નામ આવે એટલે આપણી આંખો સામે સોનેરી વાળ વાળી, ચંચળ, આકર્ષક અને ઘણા અંશે ભોળી અભિનેત્રીની છબી ઉભરે છે. હોલીવુડે તેને આ જ રૂપમાં દુનિયા સામે પ્રસ્તુત કરી હતી. પણ એ ચમકદાર ચહેરા પાછળ એક એવી છોકરી હતી જેણે તેના જીવનમાં અસ્વીકૃતિ, અસલામતી, ભય, એકલતા અને ઓળખ માટેના સંઘર્ષની લાંબી યાત્રા કરી હતી.

એ છોકરીનું નામ હતું નોર્મા જીન બેકર.

નોર્મા જીનનું બાળપણ કોઈ ફિલ્મી કહાનીથી ઓછું નહોતું. તેની માતા એક ગરીબ ઘરની સંતાન હતી. તેનો પિતા અત્યાચારી હતો અને બે નાનાં બાળકોએ મૂકીને ભાગી ગયો હતો. નોર્માને છેક 12ની વયે તેની બીજી બહેનની ખબર પડી હતી. નોર્માનું બાળપણ અનાથાલયો અને પાલક પરિવારોમાં પસાર થયું હતું. બાળપણની આ અસલામતીએ તેની માનસિકતાનો પાયો નાખ્યો. પણ એ કમજોર પાયો હતો. નોર્માને વારંવાર એ અનુભવ થયો હતો કે જે લોકો પર ભરોસો મૂકી શકાય છે, તે પણ ક્યારેક છૂટી જાય છે. એમાંથી તેનાં બે સમાંતર વ્યક્તિત્વ ઘડાયાં; એક વ્યકતિત્વ દુનિયાને બતાવવા માટે હતું, બીજું પોતાની અંદરના ઘા છુપાવવા માટે. મેરિલીન મનરોનું આખું જીવન આ દ્વંદ્વનું ઉદાહરણ હતું.

તે આઠ વર્ષની હતી ત્યારે તેના એક પાડોશીએ તેનું જાતીય શોષણ કર્યું હતું. આમે તે શરમાળ હતી અને આ ઘટના પછી એટલીચ ચુપ થઇ ગઈ કે બોલતી વખતે થોથવાતી હતી. એમાંથી જ તેને એક્ટ્રેસ બનવાનું સુજ્યું હતું. તે દિવસોને યાદ કરીને તેણે કહ્યું હતું;

'મને મારી આસપાસની દુનિયા ગમતી નહોતી. એ ઘણી નિરાશાજનક અને કઠોર હતી. જ્યારે મને ખબર પડી કે તેને અભિનય કહે છે, ત્યારે મેં કહ્યું- મારે એ જ બનવું છે. મારા કેટલાક પાલક પરિવારો મને ઘરની બહાર રાખવા માટે સિનેમામાં મોકલી દેતા. હું ત્યાં આખો દિવસ અને ઘણીવાર મોડી રાત સુધી એકલી બેઠી રહેતી. પડદા સામેની પહેલી હરોળમાં, એકલી નાનકડી છોકરી તરીકે. અને મને એ બહુ ગમતું."

પ્રેમ, સ્થિરતા અને સલામતીની તલાશમાં તેણે 16 વર્ષે એક ફેક્ટરી કામદાર સાથે લગ્ન કરી લીધાં હતાં. પણ એ લાંબુ ચાલવાનું નહોતું. 'હું બોર થઇ ગઈ હતી,'એવું તેણે પાછળથી કહ્યું હતું. બીજા વિશ્વયુદ્ધમાં તે એક ફેક્ટરીમાં કામ કરતી હતી, ત્યારે એક આર્મી ફોટોગ્રાફરની નજર તેની પર પડી. થોડાક જ વર્ષોમાં નોર્મા એક લોકપ્રિય મોડેલ બની ગઈ. ત્યાંથી હોલીવુડનો રસ્તો આસાન હતો, અને તે મેરિલીન મનરો બનીને પડદા પર અવતરી.

પણ નામ બદલવાથી વ્યક્તિનું મન નથી બદલાતું.

હોલીવુડે મનરોને એક સેક્સ સિમ્બલ, એક સુંદર પ્રોડક્ટ તરીકે લોકો સામે ધરી. ત્યાંની સ્ટુડિયો સિસ્ટમને એક એવો કિરદાર જોઈતો હતો જે દેખાવે આકર્ષક હોય, અને મગજથી બુદ્ધિહીન. એ વખતના અમેરિકન સમાજને પણ એવી સ્ત્રીઓ પસંદ હતી જે સુંદર હોય, કામુક હોય, પણ મગજ ચલાવતી ન હોય. મેરિલીન આ વિરોધાભાસને સમજતી હતી.

તે Gentlemen Prefer Blondesના કિરદારની જેમ કેવળ હોંશિયાર (સ્માર્ટ) જ નહોતી; તે બુદ્ધિશાળી (ઇન્ટેલિજન્ટ) પણ હતી. તે ગંભીર સાહિત્યની ચાહક હતી. તેની નિજી લાઈબ્રેરીમાં સેંકડો પુસ્તકો હતાં. તેને રાજનીતિ, સમાજ અને મનોવિજ્ઞાનમાં ઊંડી રુચિ હતી. તે લગાતાર અભિનય શીખવાનો પ્રયાસ કરતી રહી હતી. તે તેના સમયની સામાજિક અસમાનતાઓને સમજતી હતી. પણ હોલીવુડને તેની બુદ્ધિમત્તામાં નહીં, તેની ઈમેજમાં રસ હતો અને મનરો પણ એ 'ખેલ' રમતી રહી.

**એકવાર તેણે કહ્યું હતું, 'મેં ક્યારેય કોઈને મૂરખ નથી બનાવ્યા; મેં લોકોને તેમની જાતે મૂરખ બનવા દીધા છે. હું સારી છું, પણ સંત નથી, મેં પાપ કર્યાં છે, પણ શેતાન નથી. હું એક નાનકડી છોકરી છું જે વિશાળ દુનિયામાં પ્રેમ શોધી રહી છું.'**

અહીંથી જ તેનો આંતરિક સંઘર્ષ અધિક તીવ્ર બની ગયો હતો; એક તરફ આખી દુનિયા તેને જાણતી હતી, અને બીજી તરફ તેને કોઈ વાસ્તવમાં સમજતું નહોતું. એકવાર તેણે કહ્યું હતું, 'મેં ક્યારેય કોઈને મૂરખ નથી બનાવ્યા; મેં લોકોને તેમની જાતે મૂરખ બનવા દીધા છે. હું સારી છું, પણ સંત નથી, મેં પાપ કર્યાં છે, પણ શેતાન નથી. હું એક નાનકડી છોકરી છું જે વિશાળ દુનિયામાં પ્રેમ શોધી રહી છું.' 1955માં તેણે વિદ્રોહ કર્યો. સ્ટુડિયો તેને ગંભીર ભૂમિકાઓ આપવા ઇનકાર કરતો હતો, તો તેણે પોતાની જ પ્રોડક્શન કંપની સ્થાપી દીધી. આ પહેલાં કોઈ અભિનેત્રીએ આવું કર્યું નહોતું. તે પગલું કેવળ વ્યવસાય માટે જ નહોતું, પોતાની ઓળખ માટે પણ હતું. મનરો દુનિયાને બતાવવા માંગતી હતી કે તે કેવળ સુંદર ચહેરો જ નથી. મનરોનું જીવન વાસ્તવમાં એક એવી વ્યક્તિની કહાની છે, જેણે વારંવાર સ્વયંને પુનઃ પરિભાષિત કરવાની કોશિશ કરી હતી. એક અનાથ છોકરીમાંથી એક મોડેલ, એક મોડેલમાંથી સુપરસ્ટાર અને એક સુપરસ્ટારમાંથી એક ગંભીર કલાકાર બનવાની આ કહાનીમાં દરેક પડાવ પર તેને સંઘર્ષ કરવો પડ્યો હતો. આજે, તેની જન્મશતાબ્દી પર, મેરિલીન મનરોને એક પોસ્ટર-ગર્લ, એક પ્રતિક કે એક કલ્પનાથી આગળ જઈને એક મનુષ્યના રૂપમાં જોવાની જરૂર છે. તેની તસવીરો આજે પણ એટલી જ ચમકે છે, પણ તેની વિરાસત તેની સુંદરતા નથી. તેની વિરાસત એ છે કે તેણે લોકોને શીખવ્યું કે કોઈ વ્યક્તિની સાર્વજનિક છબી તેના પુરા વ્યક્તિત્વની કહાની નથી.

# સામાનઃ ટિકિટસિદ્ધ હક

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

'એ કલા જ આવ્યા રે મનવા, એકલા જવાના'...એ ગીત સાંભળવામાં ગમે તેટલું સાચું લાગે, પણ મુસાફરી કરતી વખતે એ લાગુ પડતું નથી. મુસાફરીમાં સામાન વિના કોને ચાલ્યું છે. કોઈ લઘુતમવાદી (મિનિમલિસ્ટ) હોય, કોઈ મહત્તમવાદી (મેક્સિમલિસ્ટ) હોય ને કોઈ સરેરાશ. તેમાંથી લઘુતમવાદીઓ વિશે ગયા સપ્તાહે થોડી વાત કરી હતી. તેમનાથી સાવ સામા છેડે આવે છે મહત્તમવાદીઓ. દરેક છાવણી પોતાની વિરોધી વિચારછાવણી વિશે માને



છે તેમ, મહત્તમવાદીઓ માને છે કે લઘુતમવાદીઓ, એટલે કે ઓછામાં ઓછા સામાન સાથે સફર કરનારા મૂરખા છે. હા, મૂરખા જ વળી. કોઈ આપણને કહે કે બસ, ટ્રેન કે વિમાનમાં એક ટિકિટ પર અમુક કિલો સામાન લઈ જઈ શકાય, તો તેનો અર્થ એ છે કે ટિકિટના રૂપિયામાં એટલા સામાનનો ભાવ પણ સામેલ છે. એનાથી ઓછો સામાન લઈ જવો એ ખર્ચેલા રૂપિયાનો બગાડ છે અને એવો બગાડ કરે તેને શું કહેવાય? તમે જ કહો.

**તેને વનમાં જતી વખતે રામ-સીતા-લક્ષ્મણ છ બેગ, ચાર હેન્ડબેગ અને બે પર્સ લઈને ગયાં ન હતાં, એવું યાદ કરાવવાનું મન થાય છે પણ પછી ખ્યાલ આવે છે કે મામલો તર્કનો નહીં, લાગણીનો-ભાવનાનો અને કદાચ આસક્તિનો પણ છે**

આ તો તત્ત્વચર્ચા થઈ, પણ હકીકતમાં મહત્તમવાદીઓને સામાનના વજનની મર્યાદા સાથે કશી લેવાદેવા હોતી નથી. મુસાફરીમાં અને સ્થળે પહોંચ્યા પછી તેમને શું જોઈશે, એની યાદી જ એટલી લાંબી હોય છે કે ઘણી વાર નીચે પૈડાં મૂકીને આખું ઘર જ લઈ જવાનું આગળ પડે પણ પરદેશોમાં હોય છે એવી ટ્રેલર-કમ-ઘર પ્રથા હજુ આપણે ત્યાં શરૂ થઈ લાગતી નથી. એટલે, ટ્રેલરની અવેજીમાં મહત્તમવાદીઓ ટ્રેલરમાં સમાય એટલો સામાન સાથે રાખે છે.

તે માને છે કે મુસાફરીનો અર્થ મઝા અને મઝાનો અર્થ સુવિધા. અગવડ કોણ વેઠે? ને શા માટે વેઠવી પણ જોઈએ? એટલે સાવ ટૂંકા અંતર માટે જવાનું હોય તો પણ તે કામની વસ્તુઓ ઉપરાંત નેપકિન, મુખવાસનો ડબ્બો, મોં લૂછવાના ભીના ટીશ્યુપેપરનાં પડીકાં, પાણીની બોટલ, છાશ કે શરબતની બોટલ, સાદાં ટીશ્યૂપેપર, જૂનાં છાપાં, વધારાની કોથળીઓ...આવું બધું સાથે રાખે છે. આ વસ્તુઓને તેમની હાજરીમાં 'કામની વસ્તુઓ ઉપરાંતની' ગણાવીએ તો એ લોકો તરત વિરોધ કરશે. કહેશે,'બધા તમારા જેવા સૂકા ન હોય ને આળસુ પણ ન હોય કે ઊંચકવામાં જોર આવે એટલે આ બધું ઘરે રાખીને જાય.' ક્યારે તેમાં ટોણો પણ ઉમેરાય, ''અત્યારે બધી ના પાડો છો ને સામાન ઘટાડવાનો ઉપદેશ આપો છો, પણ ઘાણાની દાળની ડબ્બી કાઢીએ ત્યારે સૌથી પહેલી તો તમે ઝાપટ મારો છો. આ તો વાલિયાવાળી થઈ. લૂંટની મઝા ઉડાવવાની, પણ પાપમાં ભાગીદારી નહીં.''

સામાન પરથી વાત સીધી વાલિયા સુધી પહોંચી જતાં લઘુતમવાદી ઘડીક ખમચાય છે. તેને વનમાં જતી વખતે રામ-સીતા-લક્ષ્મણ છ બેગ, ચાર હેન્ડબેગ અને બે પર્સ લઈને ગયાં ન હતાં, એવું યાદ કરાવવાનું મન થાય છે, પણ પછી ખ્યાલ આવે છે કે મામલો તર્કનો નહીં, લાગણીનો-ભાવનાનો અને કદાચ આસક્તિનો પણ છે. તેમાં મર્યાદાપુરુષોત્તમનું ઉદાહરણ ચાલી તો જશે, પણ અસર નહીં કરે.

ઘરમાંથી કે ફરવા નિમિત્તે બહારથી ખાસ ખરીદેલી ચીજો ધીમે ધીમે ઘરમાં જમા થાય છે અને જોતજોતામાં એવી સ્થિતિ થાય છે કે બહારથી કોઈ આવે તો તેને શંકા જાય કે ઘરમાલિકો ઘર ખાલી કરી રહ્યા છે. આગંતુક લઘુતમવાદી હોય તો તે રમૂજ કરતાં કહેશે,'વળી પાછું ઘર બદલો છો કે શું?' અને મહત્તમવાદી તે પ્રશ્નમાં રહેલા કટાક્ષના તત્ત્વને સ્પર્શ સુદ્ધાં કર્યા વિના કહેશે,'ક્યાંક રહેવા જવું એ પણ એક રીતે, થોડા સમય માટે નવેસરથી ઘર માંડવા જેવું જ છે ને. હા, વાસણકુસણ લઈ જવાં પડતાં નથી, એટલી રાહત.'

જો આવનાર મહત્તમવાદી હોય તો તેના ચહેરા પર હમખયાલ મળ્યાનો આનંદ ઝળકી ઊઠશે. તે કહેશે,'વાહ, અમારે પણ આવું જ હોય છે. એક વાર બહાર જવાના દિવસે અમારા પાડોશી ઘરે આવ્યા તો સામાન જોઈને પૂછતા હતા કે આપણા ઓળખીતાનો ટેમ્પો છે. કરું ફોન?' અને ભૂતકાળના પ્રવાસોમાં તેમણે કેટલો સામાન સાથે રાખ્યો હતો તથા એ સામાન સાથે ક્યાં ક્યાં કેવા કેવા કાંડ થયા કે થતાં થતાં રહી ગયા, તેની સિલસિલાબંધ ગાથા શરૂ કરી દેશે. આવી કથાઓનો કશો સાર હોતો નથી. બહુ તો તે પ્રેરણા આપી શકે કે એ પાડોશી બહાર જતા હોય ત્યારે તેમને ત્યાં જઈને આવી સામાનકથા કરી શકાય.

સામાનના વજનની મર્યાદા હોય ત્યારે મહત્તમવાદીઓ થોડી ભીંસ અનુભવે છે. તેમને પહેલી શંકા તો વજનકાંટા પર જાય છે. પછી તે ગણિત સાથે છેડછાડ કરીને '21.65 કિલો એટલે આમ તો 20 કિલો જ કહેવાય'-એવાં સમીકરણ વિકસાવે છે. પરંતુ દેશદુનિયાના નિયમપાલકો ગણિતમાં એટલા ઉદાર હોતા નથી. એટલે તેમની અનુદારતાને સ્વસ્તિવચનોથી બિરદાવીને મહત્તમવાદીઓ કમને થોડો સામાન ઓછો કરવાનો પ્રયાસ કરે છે. એ વખતે પ્રેમથી, ગણીગણીને લીધેલી એકેએક ચીજને બેગમાંથી બહાર કાઢતાં તેમની આંખે ઝળઝળિયાં આવે છે, પણ જાલિમ દુનિયાના આકરા તકાદા આગળ તે લાચાર બને છે. વેરી બનેલા વજનકાંટા સમક્ષ તેમને હથિયાર હેઠાં મૂકવાં પડે છે પણ તે પ્રતિજ્ઞા લે છે કે ફરી વાર જવાનું થાય ત્યાં સુધીમાં હું યોગબળે વજનકાંટા પર કાબૂ મેળવી શકાય એવી સિદ્ધિ હાંસલ કરી લઈશ- અને એ ન થાય તો વજનકાંટા પર જેનો કાબૂ છે, તેની પર કાબૂ મેળવવાની તરકીબ તો જાણી જ લઈશ. પણ હું? અને ઓછો સામાન? શક્ય જ નથી.

## ઈશિતાનું અલકમલક

### જાઈએ આપ કહાં જાયેંગે....!

સ્ત્રી- પુરુષ ... પછી એ પ્રેયસી- પ્રેમી કે પછી પતિ-પત્નીના ગમે તેટલા આત્મીય સંબંધ હોય પણ ક્યારેક એકબીજા માટે અવિશ્વાસની લાગણી જાણતાં-અજાણતાં પ્રવેશી જાય. એક વાર આવો ભાવ પ્રગટે પછી શંકા -કુશંકાનો ગુણાકાર જ થાય અને એ મોટે ભાગે યુગલ વચ્ચે વિચ્છેદમાં પરિણમે. સામાન્ય રીતે સ્ત્રીની છટ્ઠી ઈન્દ્રિય વધુ સતેજ હોય છે. કોઈ પણ પુરુષ જાસૂસને પણ આંટી દે તેવી. પોતાના પતિ પરમેશ્વરનું કયાંક બીજે



આ રેખા ચિત્ર AI છે

'ઈલ્લુ...ઈલ્લુ' ચાલે છે એની ગંધ પત્નીને સૌ પહેલાં આવી જાય. આવી કુદરતી દેન પુરુષને મળી નથી. હા, કયારેક અપવાદરૂપ જ કોઈ પતિને આનો અણસાર આવી પણ જતો હોય છે. આવા 'અણસાર'ની એક રસપ્રદ ઘટના તાજેતરમાં જ બની. બિહાર- પટનામાં રહેતા એક પુરુષે વખાના માર્યા કેવી રીતે જાસૂસ બનવું પડ્યું એનો કિસ્સો જાણવા જેવો છે. પટનાના એક યુવક મોહનના એની પ્રેમિકા મોહિની સાથે ગયા વર્ષે જ પ્રેમલગ્ન થયા. બન્ને પરિવારની સહમતિથી ધૂમધામ લગ્ન લેવાયા, પ્રેમી-પ્રેયસીમાંથી સત્તવાર પતિ-પત્ની બન્યાં પછી એ યુગલ હોંશે હોંશે સિમલા હનીમૂન ઊજવી પણ આવ્યું. અહીં સુધી બધું જ બરાબર ચાલી રહ્યું હતું ને અચાનક એમની પ્રેમકથામાં વળાંક આવ્યો. છેલ્લા બે -ત્રણ મહિનાથી પતિ મોહનને ન જાણે કેમ આછી આછી ગંધ આવવા લાગી કે પત્ની મોહિનીના વર્તાવ - ચાલચલગતમાં ફેરફાર આવી રહ્યો છે. મોહિનીના કોઈ 'મિત્ર'ના ફોન કોલ વધવા લાગ્યા- કયારેક મોડી રાત સુધી પણ ચાલતા. 'કોનો ફોન હતો?' એના ઉડાવ જવાબ મળવા લાગ્યા. ક્યારેક મોહન ઘેર વહેલો આવી જાય તો મોહિની ઘેર ગેરહાજર હોય. શંકા-કુશંકા એક એવું વિષચક્ર છે કે એમાં સપડાયા પછી બહાર નીકળવું મુશ્કેલ. પતિ મોહનનું પણ એ જ થયું. મોહિનીની વર્તણૂકનો ભેદ ઉકેલવા કોઈ નિપુણ જાસૂસ જ કરી શકે એવી ચાલ એણે અજમાવી અને એક દિવસ એણે શહેરની એક અજાણી હોટેલમાં પહોંચી જઈને પત્ની મોહિનીને એના કોઈ જૂના પ્રેમી યુવાન સાથે ઝડપી લીધી એ પણ કઢંગી હાલતમાં! મોહને હોટેલ ગજાવી- પત્ની મોહિની અને એના પ્રેમીને ક્રોધે ભરાયેલા મોહને ફટકારવા માંડ્યાં. ટોળું એકઠું થઈ ગયું. પોલીસ પહોંચી. વાત જાણી. મોહન પાસે પત્ની મોહિની અને એના પ્રેમીએ લેખિતમાં એમના (આડા) સંબંધની સીધી કબૂલાત કરી લીધી. જો કે પોલીસ ટીમને અચરજ થયું કે મોહનને આ લફરાની જાણ કઈ રીતે થઈ અને પેલા બે પ્રેમીને શોધી કઈ રીતે કાઢ્યા? મોહને ફોડ પાડ્યો કે પત્ની મોહિનીની વર્તણૂક પર એને શંકા પડી પછી એણે મોહિનીના ચપ્પલ તથા સેન્ડલમાં GPSનાં ટ્રેકર બેસાડી દીધાં હતાં. આ ડિવાઈસને લીધે પત્ની જયારે પણ ચપ્પલ કે સેન્ડલ પહેરીને બહાર નીકળતી ત્યારે એ પોતાના મોબાઈલ સ્ક્રીન પર મોહિનીનું લોકેશન સતત ટ્રેક કરતો. સામાન્ય રીતે પેલા બન્ને પ્રેમી પાર્ક -મોલ કે રેસ્ટોરાંમાં મળતાં એની ખબર મોહનને પડી જતી પણ અચાનક જે દિવસે મોહને જોયું કે પત્નીનું ટ્રેકર લોકેશન એક સ્થળે ઘણો લાંબો સમય સુધી સ્થિર છે એ જાણતાં જ ટ્રેકરે દર્શાવેલા નિયત સ્થળ-હોટેલ પર મોહન પહોંચી ગયો ને પત્ની અને એના પ્રેમીને સાથે ઝડપી લીધાં! પોલીસે પણ આ સવાયા જાસૂસ એવા પતિની સૂઝને સલામ કરી...

**એક આડ - વોર્નિંગ** :આ કિસ્સો જાણ્યા પછી લગ્નબાહ્ય સંબંધ રાખતાં પ્રેમી-પ્રેમિકાએ પણ પોતાનાં સેન્ડલ - શૂઝમાં કોઈ ટ્રેકર છે કે નહીં એ તપાસી-ચકાસી લેવું!

(નોંધ : અહીં પાત્રોનાં નામ બદલ્યાં છે)

### પત્નીને પકડાવી મમતાદીદીએ!

ઈશિતા પાસેથી તમે હમણાં જ જાણ્યું કે પતિની આગવી 'જાસૂસી' સૂઝને લીધે એની બેવફા પત્ની કેવી રીતે પકડાઈ ગઈ પણ તમને કોઈ એવા સમાચાર જાણવા મળે કે આવી જ કોઈ એક બેવફા પત્નીને બંગાળનાં (પૂર્વ મુખ્ય મંત્રી) મારફાડ મમતાદીદીએ 'પકડાવી' દીધી તો તમને આશ્ચર્યનો આંચકો લાગે કે નહીં? વેલ, આવું જ કંઈક



આ રેખા ચિત્ર AI છે

હકીકતમાં બન્યું છે - પશ્ચિમ બંગાળની તાજેતરની ચૂંટણી વખતે. કોલકાતાથી અંદાજે ૪૫૦ કિલોમીટરના અંતરે આવેલા સિલિગુરી શહેરમાં બંગાળની વિધાનસભા ચૂંટણીનું મતદાન ચાલી રહ્યું હતું. એ વખતે એક મતદાન કેન્દ્રથી થોડે દૂર એક પુરુષ ગુપચુપ ગોટવાઈ ગયો હતો. આવતાં-જતાં મતદાતાઓનાં ટોળાં પર એની બાજનજર હતી. મતદાનના પાંચેક કલાક વીતી ગયા પણ ત્યાં દૂર ઊભેલો પેલો પુરુષ જેની શોધમાં અહીં આવેલો એનો અત્તોપત્તો ન હતો. અચાનક એની આંખો ચમકી ઊઠી. એક બંગાલી સ્ત્રી પોતાનો વોટ આપવા મતદાન બૂથમાં પ્રવેશવા જતી હતી ત્યાં પેલા પુરુષે એના વાળ પકડીને બહાર ખેંચી. સ્ત્રીએ બૂમાબૂમ કરી મૂકી અને પોલિંગ બુથની પોલીસ ત્યાં દોડી આવી. બન્નેને બહાર લઈ ગઈ અને પેલાએ આ સ્ત્રી પર આ રીતે હુમલો કેમ કર્યો એનું કારણ જાણવા માંગ્યું ત્યારે જે વાત બહાર આવી તે જાણીને બધાં ચોંકી ઊઠયાં. ગુસ્સાથી ધ્રુજતા પેલા પુરુષે કહ્યું કે મતદાન આપવા આવેલી સ્ત્રી હકીકતમાં એની પત્ની હતી જે એને - પતિને પડતો મૂકીને બે વર્ષ પહેલાં એના પ્રેમી સાથે પલાયન થઈ ગઈ હતી. પતિએ એની ઘણી શોધખોળ કરી પણ લાપત્તા પત્નીનું પગેરું એને કયાંય ન મળ્યું ત્યાં બંગાળની ચૂંટણી આવી અને પતિને ખ્યાલ આવ્યો કે એની પત્ની તો મમતાદીદીની ખાસ ચાહક અને ચુસ્ત ટેકેદાર છે એટલે એ વોટ કરવા આવશે જ અને પતિની આ ધારણા સાચી પડી અને એમના ઘર નજીકના મતદાન કેન્દ્રમાં પોતાનો વોટ દેવા ભાગેડુ પત્ની ત્યાં પ્રગટી એમાં એના પતિએ એને ઝડપી લીધી! એની આ આપવીતી સાંભળીને બધા અવાક થઈ ગયા. ક્રોધે ભરાયેલો પતિ તો પત્ની વોટ ન આપે એમ ઈચ્છતો હતો. એ તો એને ઘસડીને ઘેર લઈ જવા માગતો હતો પણ સિક્યોરિટીવાળાએ પત્નીને છોડાવી અને એને વોટ કરવા દીધો. એ પછી ભાગેડુ પત્ની અને ભૂરાયા થયેલા પતિને પોલિંગ બુથથી બહાર કાઢીને કહ્યું :''આ તમારો ઘરેલુ મામલો છે કોર્ટમાં જઈને પતાવો!'' પછી શું થયું એના લેટેસ્ટ ન્યૂઝ 'ઈશિતા' પાસે નથી પણ એટલું ચોક્ક્સ છે કે પેલો પતિ મમતાદીદીનો મનોમન જરૂર આભાર માનતો હશે કારણ કે મમતાજીને કારણે બે વર્ષથી એની ભાગેડુ પત્નીને એ શોધી શક્યો!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» ક્યારેક સામાન્ય લાગતા સમાચાર થોડા ધ્યાનથી વાંચો તો દંગ કરી મૂકે. તાજેતરમાં મહારાષ્ટ્ર સરકારના મહિલા તથા બાળવિભાગે એક સર્વે કર્યો ત્યારે અહલ્યાનગર (જૂનું નામ અહમદનગર) ના એક તાલુકામાંથી જાણવા મળ્યું કે ત્યાં પંચાવન (૫૫) જેટલી સગીર બાળા સગર્ભા હતી, જેમાંથી ૫૪ બાળાના બાળવિવાહ થયા હતા. અન્ય એક જે ગર્ભવતી થઈ હતી એ અપરિણીત હતી! આવા સામૂહિક સગર્ભાના સમાચારથી બધે ખળભળાટ મચી જાય એ સ્વાભાવિક હતું કારણ કે હજુય અનેક ગ્રામ્યવિસ્તારમાં સામાજિક દબાણ - બદનામી અને કાયદાના ભયથી બાળલગ્નની નોંધણી થતી નથી.

» સિનેસ્ટાર હોય કે ક્રિકેટ ખેલાડી, એમણે સ્પોન્સર કરેલી ચીજ-વસ્તુ ધૂમ વેચાય અને એમની બ્રાન્ડ વેલ્યુનું સમયાંતરે મૂલ્યાંકાન થતું રહે છે. તાજેતરના આવા એક સર્વે અનુસાર ક્રિકેટના મેદાન પરનો 'વિક્રમવીર' વિરાટ કોહલી આજે ધોની - સચિન - શાહરૂખ - અમિતાભ ઈત્યાદિ સેલેબ્સને પાછળ ધકેલીને બ્રાન્ડ વેલ્યુમાં 'ધુરંધર' સાબિત થયો છે. આજે વિરાટ કોહલી સૌથી વધુ ૩.૫૪૨ કરોડ રૂપિયાની બ્રાન્ડ વેલ્યુ ધરાવે છે. એના પછીના ક્રમે શાહરૂખ (૩,૦૧૭ કરોડ રૂપિયા) - પ્રિયંકા ચોપરા (૨,૫૦૭ કરોડ) - મહેન્દ્ર સિંહ ધોની (૨,૧૪૧ કરોડ), ઈત્યાદિ છે.

### ઈશિતાની એલચી

**પ્રશ્ન : અરજ અને ગરજ વચ્ચે શું સામ્ય છે?**
**ઉત્તર : અરજ અને ગરજ બન્ને જોડિયાં બહેન છે!!**